
## પેજ 3

## આમિર ખાન 25 વર્ષથી મિત્ર ગૌરી સ્પ્રેટને ડેટ કરી રહ્યો છે



મુંબઈ, તા. 13: અભિનેતા આમિર ખાન ગુરુવારે તેની મિત્ર ગૌરી સ્પ્રેટને ડેટ કરી રહ્યો હોવાની પુષ્ટિ કરી હતી. તેણે મુંબઈમાં તેના 60મા જન્મદિવસની ઉજવણી દરમિયાન મીડિયા સાથે આ માહિતી શેર કરી હતી. સુપરસ્ટારે કહ્યું હતું કે, તે એક વર્ષથી તેને ડેટ કરી રહ્યો છે, પરંતુ 25 વર્ષથી વધુ સમયથી તેને ઓળખે છે. સ્પ્રેટ બેંગલુરુમાં રહે છે અને હાલમાં તેના પ્રોડક્શન બેનર હેઠળ કામ કરી રહી છે.અભિનેતાએ વધુમાં ખુલાસો કર્યો હતો કે તે સ્પ્રેટ સાથે રહે છે, જે છ વર્ષના પુત્રની માતા છે. શુક્રવારે 60 વર્ષના થઈ રહેલા આ અભિનેતાએ ઉમેર્યું હતું કે, તેણી તેના પરિવારના સભ્યોને પણ મળી ચૂકી છે અને તેઓ તેમના સંબંધથી ખુશ છે.

## અનંત અંબાણીના પ્રિ વેડિંગમાં કિમ કાર્દાશિયનનો હીરો ખોવાઈ ગયો હતો



મુંબઈ, તા. 13: કિમ કાર્દાશિયને આ અઠવાડિયાના ધ કાર્દાશિયન્સ એપિસોડમાં જણાવ્યું હતું કે, તેણે એક અતિ ભવ્ય લગ્નમાં કોઈક રીતે એક મોટો હીરો ગુમાવ્યો હતો. 44 વર્ષીય કિમ અને તેની 40 વર્ષીય બહેન ખ્લોને મુંબઈમાં અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના ભવ્ય લગ્નમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું, જ્યાં કિમે ખ્લોના 40મા જન્મદિવસની પાર્ટી માટે પૈસા ચૂકવવાનો ઇનકાર કરી દીધો હતો. લગ્નઉત્સવની બીજી રાત્રે કિમે નાશપતીના આકારના હીરાથી જડિત એક મોટો હાર પહેર્યો હતો. જ્યારે કિમ અને ખ્લો પરિવાર સાથે હળીમળી રહ્યા હતા ત્યારે કોઈક રીતે એક મોટો અને બહુમૂલ્ય હીરો હારમાંથી નીકળીને પડી ગયો, જેનાથી બન્ને બહેનો ગભરાઈ ગઈ હતી. કિમ અને ખ્લો વરરાજાની બહેન ઈશા અંબાણી (જે પરિવારની ખૂબ મોટી ચાહક હતી) અને વરરાજાની માતા નીતા અંબાણી સાથે વાતો કરી રહ્યા હતા. વાતચીત દરમિયાન કોઈક સમયે હારમાંથી એક હીરો પડી ગયો, જે ખ્લોએ જોયો અને પછી તેણીએ તેની બહેનને કહ્યું, 'કિમ, એક હીરો ગુમ થઈ ગયો છે' અને તેઓ બધા તેને શોધવા લાગ્યા. કિમે કબૂલાત કરતાં કહ્યું કે, ''તે ક્યાંય મળતો નથી, તેથી તેઓ અમને બીજા રૂમમાં લઈ ગયા જેથી તેઓ ફ્લોર પર બધું જોઈ શકે.''

## કૈલાસ ખેરને બોમ્બે હાઇકોર્ટમાંથી રાહત



મુંબઈ, તા. 13: ગાયક કૈલાસ ખેર પર ધાર્મિક લાગણીઓ દુભાવવાનો આરોપ લગાવતી અરજી બોમ્બે હાઈકોર્ટે ફગાવી દીધી છે. ગાયકે ભગવાન શિવ પર ગવાયેલા 'બબમ બમ' ગીત સામે અરજી દાખલ કરવામાં આવી હતી. ફરિયાદને ફગાવી દેતાં બોમ્બે હાઈકોર્ટે લેખક એજી નૂરાનીના શબ્દોને ટાંકીને કહ્યું કે અસહિષ્ણુતા અને રૂઢિચુસ્તતા ભારતીય સમાજ માટે કલંક છે. ન્યાયાધીશ ભારતી ડાંગરે અને એસસી ચાંડકની ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે, ખેરે ફક્ત 'બબમ બમ' ગીત ગાયું હતું. કોઈની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો તેમનો કોઈ ઇરાદાપૂર્વકનો કે દુર્ભાવનાપૂર્ણ ઇરાદો નહોતો. કૈલાસ ખેર સામે લુધિયાણાની સ્થાનિક કોર્ટમાં નરિન્દર મક્કર નામની વ્યક્તિએ કેસ દાખલ કર્યો હતો. તેમણે ગાયક વિરુદ્ધ આઈપીસીની કલમ 295એ અને 298 હેઠળ કેસ દાખલ કર્યો હતો. આ કલમ ઇરાદાપૂર્વક અને દુર્ભાવનાપૂર્ણ ઇરાદાથી ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવા સંબંધિત છે.

# અવકાશમાં ફસાયેલા નાસાના અવકાશયાત્રીઓને પરત લાવવા માટેનું યાન રવાના થવામાં વિલંબ

**છેલ્લી** ઘડીએ હાઇડ્રોલિક સિસ્ટમમાં સમસ્યા જણાતા લોન્ચ એક દિવસ માટે મુલતવી રખાયું

**ફાલ્કન** રોકેટથી રવાના થનાર સ્પેસકેપ્સ્યુલ ચાર અવકાશયાત્રીઓને લઇ જશે અને સુનીતા તથા વિલ્મોરને પૃથ્વી પર પરત લાવશે

કેપ કાનાવેરલ(અમેરિકા), તા. ૧૩: અવકાશમાં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર ફસાયેલા અમેરિકી અવકાશ સંસ્થા નાસાના બે અવકાશયાત્રીઓ - બુચ વિલ્મોર અને સુનીતા વિલિયમ્સને પૃથ્વી પર પરત લાવવા માટે રવાના થનાર યાનને લોન્ચ પેડની સમસ્યાને કારણે રવાના કરવાનું સ્પેસએક્સ કંપનીએ વિલંબમાં મૂકવું પડ્યું હતું.

અવકાશમાં નવ મહિનાથી રહેતા આ બે અવકાશયાત્રીઓ પૃથ્વી પર પરત આવે તો તેમને સ્થાને આઈએસએસ પર મૂકવા માટે બે સહિત ચાર નવા અવકાશયાત્રીઓને લઈને આ યાન રવાના થનાર છે. જો કે નાસાના કેનેડી સ્પેસ સેન્ટર પરથી સાંજે રવાના થનાર ફાલ્કન રોકેટના લોન્ચના નિર્ધારિત કાર્યક્રમના ચાર કલાક કરતા ઓછા સમય પહેલા મહત્વની હાઈડ્રોલિક સિસ્ટમમાં સમસ્યાથી ચિંતાઓ સર્જાઇ હતી.

# દેશ છોડીને ભાગવા જતા પકડાઇ ગયેલા ત્રણ નોર્થ કોરિયનોને જાહેરમાં ૯૦-૯૦ ગોળીઓ મરાઇ

**બાદમાં** મૃતદેહોને જાહેરમાં સળગાવી દેવાયા



પ્યોંગયાંગ, તા. ૧૩: દેશ છોડીને ભાગવાનો પ્રયાસ કરતા પકડાઇ ગયેલા નોર્થ કોરિયાના ત્રણ નાગરિકોને જાહેરમાં મોતની સજા કરવામાં આવી હતી અને તે પણ ઘણી ક્રૂર રીત. આ ત્રણેય જણા દરેકને નેવુ ગોળી મારીને વિંધી નખાયા હતા અને બાદમાં તેમના મૃતદેહો જાહેરમાં સળગાવી દેવાયા હતા.

આ ત્રણેય જણા સરમુખત્યારશાહી ઉત્તર કોરિયામાંથી ભાગીને લોકશાહી એવા દક્ષિણ કોરિયામાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જેમને આ સજા કરાઇ હતી તે ત્રણેય જણા ત્રીસીની વયના યુવાનો હતા. આમાંથી કિમ અટક ધરાતવા બે ભાઈઓ અને તેમનો મિત્ર રી હતો. તેમણે ભાગવા માટે મહિનાઓથી તૈયારીઓ કરી હતી. તેમણે પોતાની બચતમાંથી એક નાની હોડી ખરીદી હતી અને ગાઢ ધુમ્મસ વચ્ચે તેમાં નાસી છૂટ્યા હતા. જો કે માર્ગમાં એક અન્ય નૌકાને જોતા તેમણે તેને માછીમારી હોડી માનીને મદદ માટે બૂમો પાડી હતી પરંતુ તે તો નોર્થ કોરિયન ચોકિયાત બોટ હતો. આના કારણે તેઓ ત્રણેય પકડાઇ ગયા હતા.

તેમની મોતની સજાનો અમલ કરતી વખતે તેમને ટેકાઓ સાથે બાંધીને દસ શૂટરોએ તેમને ત્રણેયને નવ-નવ એટલે કે કુલ ૯૦-૯૦ ગોળીઓ મારી હતી. તેમની આ સજા બાળકો સહિત અનેક ભયભીત લોકો જોઇ રહ્યા હતા.



» થાઇલેન્ડમાં રાષ્ટ્રીય હાથી દિન નિમિત્ત અયુથાયા એલિફન્ટ પેલેસ અને રોય ક્રાલ ખાતે હાથીઓ માટે યોજાયેલા ભવ્ય ભોજન સમારંભમાં વિવિધ ફળો અને ભાજીઓનો આનંદ માણી રહેલા ગજરાજો તસવીરમાં જોઇ શકાય છે. રાષ્ટ્રીય હાથી દિન એ થાઇ સરકાર હાથીઓના જતન સંવર્ધન માટે ૧૯૯૮થી શરૂ કર્યો છે.

# ઇસરોએ SpaDeX ઉપગ્રહોનું અવકાશમાં સફળ ડી-ડોકિંગ કર્યું

**૧૬ જાન્યુઆરીએ** બંને ઉપગ્રહોને અવકાશમાં એકબીજા સાથે જોડ્યા બાદ એકબીજાથી છૂટા પાડવાની પ્રક્રિયા પણ પાર પાડી

**સમાનવ** અવકાશયાત્રાઓ અને દેશનું પોતાનું અવકાશ મથક સ્થાપવા સહિતના કાર્યો માટે આ કુશળતા જરૂરી છે

નવી દિલ્હી, બેંગલુરુ, તા. ૧૩(પીટીઆઇ): ભારતીય અવકાશ સંસ્થા ઈસરોએ આજે જણાવ્યું હતું કે તેણે સ્પેડએક્સ સેટેલાઈટોની ડી-ડોકિંગની પ્રક્રિયા પુરી કરી છ અને આ સાથે જ ભવિષ્યના ચંદ્ર સંશોધનો, સમાનવ અવકારયાત્રાઓ અને પોતાનુ આગવુ અવકાશ મથક બાંધવા જેવા ભવિષ્યના મિશનો માટેનો માર્ગ મોકળો થયો છે.

કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે આ ઉપગ્રહોના સફળ ડી-ડોકિંગની જાહેરાત સોશ્યલ મીડિયા મંચ એક્સ પર કરી હતી. ઈસરોની ટીમને અભિનંદન. અને દરેક ભારતીયને હ્દયપૂર્વકના અભિનંદન એ મુજબ તેમણે કહ્યું હતું. ગયા વર્ષે 30 ડિસેમ્બરના રોજ સ્પેડેક્સ મિશન લોન્ચ કરવામાં આવ્યું હતું જ્યારે ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો) એ અવકાશમાં ડોકિંગ પ્રયોગ દર્શાવવા માટે બે ઉપગ્રહો - SDX01 અને SDX02 - ને ભ્રમણકક્ષામાં મૂક્યા હતા.

ઘણા પ્રયાસો પછી, અવકાશ એજન્સીએ 16 જાન્યુઆરીના રોજ બંને ઉપગ્રહોને સફળતાપૂર્વક ડોક કર્યા હતા એટલે કે અવકાશમાં જ એક બીજા સાથે જોડ્યા હતા. સ્પેડેક્સ ઉપગ્રહો ૧૬ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ સફળતાપૂર્વક ડોક કરવામાં આવ્યા હતા એટલે કે એકબીજા સાથે જોડ્યા હતા. ઈસરોએ હવે ૧૩ માર્ચ, ૨૦૨૫ ના રોજ સવારે ૯:૨૦ વાગ્યે (ISD) પહેલા જ પ્રયાસમાં સ્પડેક્સ ઉપગ્રહોને એક બીજાથી છૂટા પાડવાનું મહત્વપૂર્ણ કાર્ય પૂર્ણ કર્યું છે એમ ઈસરોએ એક નિવેદનમાં જણાવ્યું હતું. અવકાશ એજન્સીએ સમજાવ્યું હતું કે ઉપગ્રહોનું અનડોકિંગ 460 કિમી ગોળાકાર ભ્રમણકક્ષામાં 45-ડિગ્રી ઝોક સાથે થયું હતું. તેણે ઉમેર્યું હતું કે ઉપગ્રહો હવે સ્વતંત્ર રીતે ભ્રમણકક્ષામાં ફરે છે અને તેમનું સ્વાસ્થ્ય સામાન્ય છે. આ સાથે, ISRO એ હવે ગોળાકાર ભ્રમણકક્ષામાં ભેટવાની પ્રકિયા, ડોકીંગ અને અનડોકીંગ કામગીરી માટે જરૂરી બધી ક્ષમતાઓ સફળતાપૂર્વક કરી બતાવી છે.





